દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૧ સળંગ અંક : ૩૧૩ પ્રકાશન : તા. ૦૧-૦૮-૧૮ પોસ્ટીંગ : તા. ૦૫-૦૮-૧૮ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- ૧

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારાને અલવિદા કેમ ?

**મનોગત**

**મૂળચંદ રાણા**

એપ્રિલ ૧૯૭૦માં, દસમાં ધોરણનાં વેકેશનમાં, મારા સહાધ્યાયી દિલીપ ત્રિવેદીના આગ્રહથી મારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખામાં (બાપુનગર, અમદાવાદ) જવાનું થયું. સંઘ શું છે, એની તો જરાયે ખબર નહિ પણ, દિલીપભાઈ સાથે સાંજે શાખાના મેદાનમાં વિવિધ રમતો રમવાની મજા પડતી. સંઘના સ્વયંસેવકો સાથે મિત્રતા અને પછી તો એ સૌ સાથે ઘરે આવવા જવાની આત્મીયતા બંધાઈ. સંઘની શાખામાં કડક અનુશાસન, રાષ્ટ્રભક્તિની વાતો અને અન્ય સાથી સ્વયંસેવકોનો ખૂબ જ સાલસ વ્યવહાર મને સંઘ કાર્ય તરફ વધુ ને વધુ આકર્ષિત કરતાં ગયાં અને હું સંઘ કાર્યમાં ઊંડે ને ઊંડે ઉતરતો ગયો.

૧૯૭૫માં જ્યારે કટોકટી લદાઈ અને ચોમેરથી એની સૌથી ભયાનક તવાઈ જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર આવી ત્યારે હું બાપુનગર પ્રભાત શાખાનો કાર્યવાહ હતો. સરકારી બેન્કમાં મારી નોકરી અને મારી ધરપકડના ભણકારા વચ્ચે ય સંઘકાર્યને સર્વોપરી ગણી મેં શાખા સ્થાન પર કટોકટીના ગાળા દરમિયાન ફૂટબોલ ટીમના કેપ્ટનની જવાબદારી સ્વીકારેલી, જે ગુજરાત પોલીસની IBમાંથી આજે ય ચકાસી શકાય એમ છે.

સંઘ સાથે ૧૯૭૦થી છેક ૨૦૧૭ સુધી મારો અતૂટ નાતો રહ્યો. સાથે સાથે સંઘની અન્ય ભગીની સંસ્થાઓમાં, ૧૯૭૮થી ૧૯૮૦ દરમિયાન 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ'માં પ્રદેશ કારોબારી અને વલસાડ જિલ્લા સંયોજક તરીકે, 'સામાજિક સમરસતા મંચ' ગુજરાત પ્રાંતમાં નેવુંના પ્રારંભથી લઈને છેલ્લે ૨૦૧૭માં પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે પદત્યાગ કર્યો ત્યાં સુધી અને ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ કાર્યાલય ઇન્ચાર્જ તરીકે ૧૯૯૧ થી ૧૯૯૩, ભાજપ અનુસૂચિત જાતિ મોરચા ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે ૧૯૯૮ થી ૨૦૦૦ સુધી અને વિશેષ નિમંત્રિત તરીકે ૨૦૦૮થી ૨૦૧૮માં, રાજીનામું આપ્યું ત્યાં સુધી કામ કર્યું.

### તો પછી આ વિચારધારા છોડવાનું કારણ ?

૪૮ વર્ષ જેટલા દીર્ઘકાલીન મારા સંઘ નાતાને અલવિદા કરવા પાછળ મારે કોઈ જ અંગત કારણ નહોતું. પણ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અનુસૂચિત જાતિ સમુદાય અને શેષ હિંદુ સમાજ વચ્ચે વધતું જતું અંતર, જાતિભેદની વિસ્તરતી ખાઈ અને શાસકીય સ્તરે SC/ST વિરોધી માનસિકતા મને રોજે રોજ મારા દલિતપણા, મારા અહિંદુપણાની, પ્રતીતિ કરાવતા હતા.

ગુજરાતમાં આ હિંદુ પ્રશાસનના એક દાયકા બાદ એમાં કોર્પોરેટ કલ્ચર અને ઈલેક્ટોરલ માર્કેટિંગ ઉમેરાતાં મૂળભૂત બંધારણીય સંકલ્પના કે રાજ્યે ઉપેક્ષિત નબળા વર્ગો સવિશેષ, SC/STની ખાસ કાળજી લેવી (Article ૪૬), એ ક્રમશઃ વિસરાતી ચાલી. હા, સમાજના આ અલ્પશિક્ષિત અબુધ મતદારોને યેનકેન પ્રકારેણ આંજી નાખી પોતાની સત્તા માટે અનિવાર્ય એટલા એમના મત અંકે કરવામાં આ સરકારોએ કામિયાબી હાંસલ કરી લીધી.

મારી વાત કરું તો નેવુંના દાયકા સુધી તો સંઘ કાર્ય સાથે મારું પૂર્ણતઃ શ્રદ્ધાસભર જોડાણ રહ્યું. ૮૧/૮૫નાં અનામત આંદોલનો વખતે હું પણ એક અગ્રીમ SC/ST યુનિયન લીડર હતો, જેની સંઘમાં પણ સૌને જાણ હતી. હા, ક્યારેક ક્યારેક ઉડતા સમાચાર મારા કાને પડતા કે આ આંદોલનો પાછળ RSSનો દોરી સંચાર છે !!!

૨૦૧૦ પછી ગુજરાતમાં RSSની એક પાંખ 'સામાજિક સમરસતા મંચ'માં પ્રાંત ઉપાધ્યક્ષના નાતે ગુજરાતભરમાં મારે ખૂબ જ ભ્રમણ કરવાનું થયું. ત્યારે મેં અનુભવ્યું કે દેશના સૌથી પ્રગતિશીલ રાજ્ય એવા ગુજરાતમાં સામાજિક સમરસતા ભયજનક ગતિથી વિછિન્ન થઈ રહી છે. રાજ્યની આ ચિંતાજનક સામાજિક સ્થિતિની વાત મેં RSSની અનેક રાજ્યસ્તરીય બેઠકો, વર્ગો વગેરેમાં સૌ વચ્ચે તેમજ મુખ્ય પદાધિકારીઓ સમક્ષ અવારનવાર મૂકેલી.

અત્યાર સુધી એટ્રોસિટી ઘટનાઓ સંદર્ભે મારે લગભગ ૨૯ જેટલા ગામોમાં જવાનું થયું. બસ, આ મુલાકાતો દરમિન મેં સ્વયં નિહાળેલ સામાજિક ભેદભાવોની વાસ્તવિક સ્થિતિએ મને સંઘ વિચારધારાથી હલબલાવી એમાંથી વિમુખ થવા અભિપ્રેત કર્યો.

### વિમુખતા માટેનું વળાંકબિંદુ

વર્ષ ૨૦૧૬માં SC/STના આર્થિકોત્કર્ષ માટે વિશેષ ચિંતન કરી આ સમુદાયો માટે કેન્દ્ર અને રાજ્યોમાં પ્રવર્તમાન ખાસ અંગભૂત યોજનાઓ (SCSP/TSP)ના અમલ અર્થે કાયદાકીય જોગવાઈ સહ પ્રયાસોના આયોજન પર સંઘે વિચાર કર્યો. આ માટે તા. ૧૮/૮/૨૦૧૬નાં રોજ દિલ્હી ખાતે સંઘના સહસરકાર્યવાહ ભાગૈયાજીની વિશેષ ઉપસ્થિતિમાં, એક રાષ્ટ્રીય સેમિનાર થયો. કેન્દ્ર સરકારના વરિષ્ઠ કેબીનેટ મંત્રી એવા ગૃહ મંત્રી રાજનાથસિંહને રૂબરૂ મળી SCSP/TSP એક્ટ પારિત કરવા વિનંતી કરતું એક આવેદન પત્ર આપવા સહ સાનુકુળ સંવાદ પણ થયો.

ગુજરાતમાં પણ આવો જ સેમિનાર ગાંધીનગર ખાતે તા. ૩/૧૦/૧૬ના રોજ થયો અને ગુજરાતમાં SCSP/TSP એક્ટ બનાવવા વિનંતી કરતું એક આવેદન પત્ર રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આપવામાં આવ્યું. એના ફોલોઅપમાં તા. ૧૦/૭/૨૦૧૭ના રોજ મુખ્યમંત્રીની મેં મુલાકાત લીધી,

જેમાં તેઓનો સાશ્ચર્ય સ્પષ્ટ નકારાત્મક અભિગમ હતો.

મને રાજીનામા ભણી વિચાર કરતો કરી મૂકનાર આ એક ટર્નિંગ પોઈન્ટ હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા મોટા ઉપાડે હાથ ધરાયેલ SC/S/T સમુદાયો માટે કાયદાકીય જોગવાઈ દેશમાં હિંદુ વિચારધારાના ભાજપશાસિત ૨૧ રાજ્યો પૈકી એકાદમાં સમ ખાવાયે કંઈ નક્કર પગલાં ન લેવાય એ જોયું ત્યારે મને નર્યા દંભના એહસાસ સાથે આઘાત લાગ્યો.

**બંધારણની પૂજા પણ અમલ નહીં**

દેશના સર્વોચ્ચ ગ્રંથ ભારતીય સંવિધાનને ભારતીય જનતા પાર્ટીએ અને રાજ્ય સરકારે હાથીની અંબાડી પર સ્થાન આપીને બંધારણના અનોખા સન્માનની વાહવાહી તો મેળવી પણ એના સંવેદનાસભર અમલમાં ?

સમાજ સંવેદના ધરાવતા કેટલાક મધ્ય અને ઉચ્ચ સ્તરીય SC/ST અધિકારીઓને મળવાનું થતું ત્યારે ભારતીય જનતા પાર્ટીના રાજમાં વહીવટમાં ચાલતા જાતિગત ભેદભાવ અને અન્યાયની દાસ્તાન સાંભળીને મારું મન દ્રવી ઉઠતું . SC/ST અધિકારીઓ પ્રમોશન, પોસ્ટિંગ, આંતરિક મુલ્યાંકન કે શિસ્ત વિષયક કાર્યવાહી દરમ્યાન હીન માનસિકતાનો ભોગ બન્યાના કિસ્સાઓ મને સતત દઝાડતા હતા.

ન્યાયતંત્ર એ દલિત સમાજ માટે ન્યાય પ્રાપ્તિનો એક વિશ્વાસપાત્ર સ્ત્રોત છે. ગુજરાત હાઈકોર્ટના કુલ ૪૦ જજોની પસંદગીમાં અગાઉની બિનભાજપ સરકારોને SC/STમાંથી જજો મળી રહેતા હતા. પણ વર્તમાન ગુજરાત સરકારને SC/STમાંથી જજો સ્વીકાર્ય જ નથી. જિલ્લા સ્તરીય જ્યુડીશીયલ નિમણૂકોમાં અનેક SC/ST ઉમેદવારો ભરતી સ્પર્ધામાં મેરિટ આધારે પસંદ થાય છે, પણ સરકારના વકીલ, સોલીસીટર વગેરેની પસંદગી વેળાએ ભાજપ સરકારને SC/ST ધારાશાસ્ત્રીઓ નજરે ચઢતા નથી.

રાજ્યની ૧૮ સરકારી યુનિવર્સિટીઓમાં દર ત્રણ વર્ષે વાઈસ ચાન્સેલરોની નિમણૂક થાય છે. રાજ્યમાં ૫૦૦થી યે વધુ SC/ST ડોક્ટરેટ (Ph.D) અને લાયકાતપૂર્ણ એકેડેમિશિયનો છે, જેમાના અનેકો પોતાની યુનિવર્સિટીઓમાં HOD અને કેટલીયે પડકારજનક જવાબદારીઓ અત્યારે નિભાવી રહ્યા છે, પણ ભાજપ સરકારને ઉપકુલપતિઓની સર્ચ વેળાયે સમ ખાવા ખાતર પણ એકાદે ય સારસ્વત આવી નિમણૂક માટે યોગ્ય જણાતો નથી. અરે વાઈસ ચાન્સેલર તો ઠીક પણ પ્રો વાઈસ ચાન્સેલર બનવું યે આ SC/ST પ્રોફેસરો માટે આ જનમમાં તો દિવાસ્વપ્ન સમાન છે.

**ગુજરાતમાં સતત વધતી જતી એટ્રોસિટી ઘટનાઓ**

એવી જ ચિંતાજનક સ્થિતિ ગુજરાતમાં SC/ST પર થતા અત્યાચારો બાબતે છે. મારે અહી આંકડાઓની ભ્રમજાળ નથી પાથરવી. પણ હિંદુ વિચારધારા પ્રબળ બનવા સાથે આ સમુદાયો પરના અત્યાચારો બેશક વધ્યા છે. વળી નોંધાતા અત્યાચારો કરતાં નહીં નોધાતા એટલે કે મૂંગે મોઢે સહન કરાતા અત્યાચારોની સંખ્યા ઘણી મોટી છે. ગુજરાતમાં બેશક છેલ્લા દાયકા દરમિયાન સામાજિક સૌહાર્દનો માહોલ વિંખાયો છે. અનુસૂચિત જાતિઓ પરની એટ્રોસિટીની ઘટનાઓ વધી છે, એના બચાવમાં એવું ય કહેવામાં આવે છે કે એટ્રોસિટીની ઘટનાઓ નથી વધી, પણ, પ્રકાશમાં આવતા અત્યાચારના કિસ્સાઓ વધ્યા છે. ઘડીક વાર આ માની લઈએ તો પણ પ્રગટ થતા થોડા ઘણા અત્યાચારની ઘટનાઓના મૂળમાં તો વર્ષોથી સહન કરાતો અન્યાય, જાતિગત ભેદભાવ હોય છે.

આ ગુનાઓમાં કન્વિકશન રેટ (સજાનો દર) દેશભરમાં સૌથી ઓછા પૈકીનો એક એટલે કે ગુજરાતમાં માંડ ૪.૭૫ % છે. આપણા જ પાડોશી ભાજપ શાસિત રાજ્ય મધ્ય પ્રદેશમાં જો કન્વિકશન રેટ ૨૪ % હોય તો ગુજરાતમાં આમ કેમ ? એટ્રોસિટીની ફરિયાદોની સરખી તપાસમાં યે નિરસતા ?

જુલાઈ ૨૦૧૬માં બનેલ ઉના અત્યાચાર કાંડે દેશ અને દુનિયાને હચમચાવી દીધા. મોટા સમઢિયાળા ગામે મૃત ઢોરના નિકાલનું કામ કરતા અનુસૂચિત જાતિના ચાર યુવાનોને બેરહમ મારનો વિડીયો કોઈ પથ્થર દિલ માનવીને પિગળાવી જાય એવો કરુણ હતો. આવા અમાનુષી કૃત્યની ઘૃણાસ્પદ ઘટનાઓની વિડીયો ઉતરે જેથી કહેવાતા નિમ્ન સ્તરીય સમુદાયોમાં ધાક બેસાડાય ! આ ઘટનાએ ગુજરાતમાં પ્રવર્તમાન સામાજિક ભેદભાવની સ્થિતિ બાબતે દેશ માત્ર નહિ પણ દુનિયા આખીમાં હાહાકાર મચાવ્યો. વિકાસ અને સમરસતાનો સર્વત્ર ઢોલ પીટતા ભાજપ શાસનને કાળી ટીલી લગાડી. આ તે કેવો સૌનો સાથ સૌનો વિકાસ ?

**અનુસૂચિત જાતિની વ્યક્તિ માણસ તો ખરી કે ?**

અમદાવાદ જિલ્લાના મારુસણા (દેત્રોજ) ગામે અનુસૂચિત જાતિ સમુદાયોને પીવાના પાણી માટે ઠાકોરોના કૂવે દૂર બેસીને કોઈ એમના પાત્રમાં પાણી રેડે એ આજે એકવીસમી સદીમાં યે હાડોહાડ અસ્પૃશ્યતાને સ્વીકૃતિની મહોર નહીં તો શું ?

અનુ. જાતિ યુવાનોએ મૃત ઢોરના નિકાલ કામનો ઈન્કાર કર્યો ત્યારે બનાસકાંઠાનાં કરજા, પાટણ જિલ્લાના પર, અરવલ્લી જિલ્લાના ચોઈલા અને ભરૂચ જિલ્લાના બોરીદરા ગામે એટ્રોસિટીની ઘટનાઓ બની. અરે, સાંતલપુર તાલુકાના પર ગામના ૧૪ SC પરિવારોએ તો ગામમાંથી ૨૦૧૬માં હિજરત કરી હતી અને આજેય કેટલાક સાંતલપુરની ઝૂપડપટ્ટીઓમાં દયનીય હાલતમાં જીવી રહ્યા છે.

આધ્યાત્મિક અને નૈતિકતાની ઉંચી દુહાઈ કરતો બિનદલિત હિંદુ સમાજ ગામડાના અનુસુચિત જાતિ સમુદાયો પરત્વે અત્યંત અસહિષ્ણુ છે. સાબરકાંઠા જિલ્લાના તાજપુરી, મહેસાણા જિલ્લાના આંબલીયાસણ અને પારસા ગામે SC પરિવારના લગ્ન પ્રસંગે વરરાજા ઘોડે સવારી ન કરી શકે અને એવી હિંમત કરે એટલે આખી જાન પર હિચકારો હુમલો ? અમદાવાદ જિલ્લાના મારુસણા ગામે ઠાકોર મહોલ્લા પાસેથી પસાર થતા ચંપલ ઉતારીને ચાલવાની ફરજ પાડવામાં આવે ? આણંદ જિલ્લાના માલાવાડા ગામે અન્ય સૌ માટે શુદ્ધ પાણીના પુરવઠાની વ્યવસ્થા અને અનુસૂચિત જાતિ મહોલ્લામાં જતી પાણીની પાઈપ લાઈનોમાં અશુદ્ધ પાણી.?કેમ એ માણસ નથી ?

**અનુસુચિત જાતિઓ હિંદુ સમાજનો હિસ્સો ખરો કે ?**

હિંદુ કર્મકાંડોમાં આંધળી આસ્થા રાખનાર અને હિંદુ પગપાળા જાત્રાઓ, નૈવેધ્યો અને ભંડારાઓમાં સૌથી અગ્રેસર રહી પોતાને સવાયા હિંદુ કહેવડાવનાર SC સમુદાયને મહેસાણા જિલ્લાના રાંતેજ અને ભરૂચ જિલ્લાના બોરીદરા ગામે મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અવસરે જમણવારમાં અલગ જમવાની વ્યવસ્થા કરવામાં આવે ! આણંદ જિલ્લાના ભાદરણિયા ગામે ગરબામાં જોડાનાર દલિત યુવાનને મોતના ઘાટ ઉતારી દેવાય !

મારી વિમુખતાનું મુખ્ય કારણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હિંદુ ઐક્ય લક્ષ્યપ્રાપ્તિની ગતિ સાથે સાથે સામાજિક ભેદભાવની સ્થિતિ ક્રમશઃ સુધરવાને બદલે બગડતી ચાલી તે છે. ઉચ્ચ સ્તરીય પ્રયાસો તો થયા, પણ એ અધકચરા હોઈ સામાન્ય સમાજ જીવનના છેવાડાના સ્તરે સમરસતા લાવવા એ કામિયાબ નથી રહ્યા એની લાંબી પ્રતીક્ષા બાદ મને નિરાશા જોવા મળી છે.

એટલે વર્ષ ૨૦૧૭ના અંતમાં મેં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સહિત સમગ્ર હિંદુ વિચારધારાને અલવિદા કરી છે.

## લિખિતંગ

તા. ૧-૫-૧૮ના 'દલિત અધિકાર''માં ચંદુ મહેરિયાનો કાર્લ માર્ક્સનો દ્વિશતાબ્દી જન્મનો લેખ તથા પ્રવીણ ગઢવીનો રશિયન ક્રાંતિની નિષ્ફળતાના બોધપાઠ અંગેનો લેખ ગમ્યાં.

આજે જ્યારે ખાસ તો ભારતના સંદર્ભમાં વિચારીએ છીએ ત્યારે લોકોને એમ લાગે છે કે મૂડીવાદી કોલાહલમાં કાર્લ માર્ક્સનો સામ્યવાદ સફળ થશે કે નહીં ? દુનિયાભરના મૂડીવાદી અખબારો, સમાચાર માધ્યમો, મીડિયા તથા મૂડીવાદી વ્યવસ્થા, રીત-રસમો, સરકારો, ધર્મો, શ્રદ્ધાઓ અને અંધશ્રદ્ધાઓ તમામ સામ્યવાદની વિરુદ્ધમાં રાતદિવસ જુઠ્ઠાણાઓ ફેલાવ્યા કરે છે.

કાર્લમાર્ક્સ યુગપુરુષ હતા. છેલ્લા એક હજાર વરસમાં તેમના જેવો બુદ્ધિમાન માનવ થયો નથી તેવું સંશોધન દુનિયાના વિદ્વાનોએ કર્યું છે. તેમનું સંશોધન અને પ્રદાન દુનિયાભરના શોષિતો માટે આશીર્વાદ રૂપ બન્યાં છે. શોષણની પ્રક્રિયા અને અતિરિક્ત મૂલ્યની વાત તેમણે દુનિયા સમક્ષ મૂકી છે. મૂડીવાદી જગતની લૂંટે સામાન્ય માનવીને પાંગળો બનાવી દીધો છે. તેની સામે સંગઠિત બની મૂડીવાદી વિચારને સામ્યવાદ દ્વારા દૂર કરવાની વાત સૌ પ્રથમ કાર્લ માર્ક્સે કરી હતી.

આર્થિક, સામાજિક શોષણ તથા અસમાનતા એ મૂડીવાદી વ્યવસ્થાના અભિન્ન અંગ હોવાથી તેમાં પ્રજાની સ્વતંત્રતા, ખુશહાલી ,સમાનતા સંભવ નથી. અનેક વિટંબણાઓ પાર કરીને હજારો વરસથી ચાલતા શોષણના અંતનો માર્ગ માર્ક્સે બતાવ્યો છે. દુનિયામાં બે જ વિચારો છે. એક સામ્યવાદ અને બીજો મૂડીવાદ. જ્યાં સમાનતા મતલબ કે સામ્યવાદ નથી ત્યાં જુલમ, અત્યાચાર, અસમાનતા, બદહાલીને વરેલો મૂડીવાદ છે. તેને લોકશાહીનું રૂપાળું નામ આપીને લૂંટણખોરોને લૂંટવાની પરવાનગી આપી છે.તેવા સમયે માત્ર માર્ક્સવાદ જ પ્રજાને તેમાંથી મુક્તિ અપાવી શકે તેમ છે.

ચંદુભાઈએ લેખના અંતે ભારતમાં પ્રવર્તતી જાતિવાદી વ્યવસ્થા તરફની લડાઈ લડવી સામ્યવાદીઓ ચૂકી ગયા છે તેનો અણસાર આપ્યો છે. હું નમ્ર રીતે એ હકીકત ધ્યાન પર લાવવા માંગુ છું કે માર્કસવાદી સામ્યવાદી પક્ષ, દલિતોના પ્રશ્ને ભારતભરમાં ''દલિત શોષણ મુક્તિ મંચ'' દ્વારા રોજેરોજ આંદોલનો, સત્યાગ્રહો યોજે છે. પક્ષ, પાર્લામેન્ટ અને રાજ્યોની વિધાનસભાઓમાં પણ દલિતોના પ્રશ્નોને વાચા આપવા સતત કાર્યશીલ રહે છે. ભારતમાં જાતિવાદ એક સમસ્યા છે તથા દલિત પ્રશ્ન પણ એક મહાસમસ્યા છે.તેને માર્ક્સવાદીઓએ સ્વીકારીને તેની સામેના આંદોલનને તીવ્ર બનાવ્યું છે. મૂડીવાદી મીડિયા તેને ઉજાગર કરતા નહીં હોવાથી તેના અંગેના સમાચારો પ્રજા સુધી પહોંચી શકતા નથી. આ એક મોટી કમનસીબી છે. માર્કસવાદી મીડિયામાં તેના સમાચારો સતત આવ્યા કરે છે.

પ્રવીણ ગઢવીએ રશિયન ક્રાંતિ પછી જે વ્યવસ્થા સ્થપાઈ તેમાં રહી ગયેલી ઉણપો ઉજાગર કરી છે. હું તેનો બચાવ કરતો નથી. પરંતુ એટલું ચોક્કસ કહીશ કે હજારો વરસો પછી જે સમાજવાદી વ્યવસ્થા રશિયામાં સ્થાપવામાં આવી તેમાં ભૂલો સંભવ છે. પરંતુ સામ્યવાદ,માર્ક્સવાદનો વિચાર ભૂલભરેલો છે તે સત્ય નથી. રશિયામાં ગોર્બાચોવ અને યેલત્સીન જેવાઓના કારણે વ્યવસ્થામાં બદલાવ થયો છે. પરંતુ સામ્યવાદી વિચાર નિષ્ફળ ગયો નથી. માર્ક્સવાદ તો અજેય છે. પ્રવીણ ગઢવીએ યોગ્ય રીતે કહ્યું છે કે, 'સામ્યવાદનું સ્વપ્ન અચૂક સાચુ પડવાનું છે.''

બંને મારા માનનીય સાથીદારો છે. તેમને લેખ બદલ અભિનંદન.

**આનંદ પરમાર**
**પી.કસ્ટિયા ચાલ, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ,૩૮૦૦૨૧**

'દલિત અધિકાર'ના તા.૧-૫-૨૦૧૮ના અંકમાં ચંદુ મહેરિયાનો કાર્લ માર્ક્સ વિશેનો લેખ અને પ્રવીણ ગઢવીનો રશિયન ક્રાંતિની નિષ્ફળતા વિશેનો લેખ નોંધપાત્ર હતા.

તા.૧-૬-૧૮ના અંકમાં કર્ણાટકનો જાતિ આધારિત જનાદેશ, જાતિવાદની સમસ્યા અને જાતિ અત્યાચાર અંગેના લેખો જાતિવાદની ઘેરી સમસ્યાને ઉજાગર કરે છે. ભારતમાં જાતિ નિર્મૂલન માટે આજ સુધી શું શું કરવામાં આવ્યું છે અને હવે પછી શું કરવું જોઈએ તે માટેનો રોડમેપ કોઈ અભ્યાસુ પાસે લખાવવો જોઈએ.વાચકોના આ વિષય અંગે સૂચનો/મંતવ્યો પણ મંગાવી શકાય.

**મણિલાલ રાનવેરિયા**
**રાનવેરી ખુર્દ, તા.ચીખલી, જિ.નવસારી**

'દલિત અધિકાર'માં પ્રકટ મણિલાલ રાનવેરિયાનો પ્રતિભાવ સારો છે. એક હિતચિંતકનો પ્રતિભાવ છે. તેઓએ લખ્યું છે કે એક વરસ પહેલાં પ્રકાશ આંબેડકરે દલિતોની રાજકીય અનામત નાબૂદ કરવાની વાત કરેલી. જો રાજકીય અનામત નાબૂદ થાય તો ધારાસભાઓ અને લોકસભામાં દલિતોના દુઃખ દર્દોની, વેદનાઓની વાત કોણ કરશે ?દલિતોના હકોની વાત કોણ કરશે? પ્રકાશ આંબેડકરનું આ સૂચન સમગ્ર દલિત સમાજને હાનિકારક છે.

પ્રકાશ અંબેડકર એક સિંહપુત્ર થઈને આવી વાત કરે તે દુઃખદ કહેવાય. ગાંધીજી સાથે કેટલી મથામણ કરીને ડો.બાબાસાહેબે રાજકીય અનામત રાખવા રજૂઆત કરેલી.રાજકીય અનામત નહીં મળે તો દલિતોનું કોણ રણીધણી રહેશે ? એમના જ ચિરંજીવી થઈને પ્રકાશ આંબેડકર આવી વાત કરે ?

**વિઠ્ઠલરાય શ્રીમાળી**
**૬૨, ન્યૂ વ્રજ સોસાયટી, બૂટભવાની મંદિર પાસે વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧**

'દલિત અધિકાર'નિયમિત મળ્યા કરે છે. દલિત હક/અધિકાર પ્રત્યે પ્રતિબદ્ધતા અને વફાદારીના સાતત્ય બદલ અભિનંદન અને શુભેચ્છાઓ.

**ટિ.પી.બાબરિયા**
**૧૨/૧૩૦, પૂજન એપાર્ટમેન્ટ, ડો.જીવરાજ મહેતા રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭**

'દલિત અધિકાર'નો તા.૧-૬-૨૦૧૮નો અંક સ્થાનિક પુસ્તકાલયમાં વાંચ્યો. તેર વરસથી આપનો મનુવાદી સમાજ સાથેનો સંઘર્ષ રંગ લાવતો હોય તેમ જણાય છે. આપના પ્રયત્નો કાબિલે તારીફ છે.

**ફારુક બાવાણી**
**'બાવાણી મેન્શન', ભીડભંજન સ્ટ્રીટ નં.૧, રાજકોટ-૩૬૦૦૦૧**

**'દલિત અધિકાર'ના શુભેચ્છકો**
**જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે...**

- ધવલ અશોકભાઈ વાણિયા
(વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર,વડોદરા) રૂ. ૧૦૦૦/-
- બિપિન પટેલ
(જાણીતા વાર્તાકાર અને નિવૃત ઉપસચિવ, અમદાવાદ) રૂ.૫૦૦/-

# સાર્થક રેશનાલિઝમ

**વિમર્શ**

**પરસોત્તમ રાઠોડ**

વેદાંત સાહિત્યમાં અનેક અદ્‌ભૂત દૃષ્ટાંતો છે. એમાંનું એક એવું છે કે ગુરુકુળનો વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને ચાર મિત્રો પોતપોતાને ઘેર જવા સાથે નીકળ્યા. રાત્રિવિરામ માટે એક ગામની ધર્મશાળામાં રોકાયા. જમવાનો પ્રબંધ પણ જાતે જ કરવાનો હતો. ચારે જણે કામ વહેંચી લીધા. એક જણ જે તર્કશાસ્ત્ર વિસારદ હતો તે કાચું સીધુ લેવા ગયો. આરોગ્ય વિશારદ હતો તે શાકભાજી લેવા અને વનસ્પતિશાસ્ત્રી લાકડા લેવા ગયા. ચોથા વ્યાકરણ વિશારદ ને માથે ચુલો સળગાવી આંધણ મૂકી રાખવાનું કામ આવ્યું.

સૌ પ્રથમ આવી ગયો આરોગ્યશાસ્ત્રી, આરોગ્યની દૃષ્ટિએ ખાસ્સા મનોમંથન પછી તેને બધી રીતે લીમડો સૌથી વધારે યોગ્ય લાગ્યો. (ગાંધીજીના જમણમાં પણ લીમડાની ચટણી ખાવી ફરજિયાત હતી. એની વાત અમેરિકન પત્રકાર લુઈ ફિશરે પોતાના પુસ્તક ‘ધી લાઈફ ઓફ મહાત્મા ગાંધી’માં લખી છે. કડવાશની મુક્તિ માટે તેમણે સર્વપ્રથમ એકી કોળિયે ચટણી પતાવી, તો ગાંધીજીને લાગ્યું કે તેમને આ ચટણી ખૂબ ભાવી. એટલે બીજો ચમચો પીરસાવી દીધો.) એમ આ જણ શાક માટે લીમડો લઈ આવ્યો.

વનસ્પતિશાસ્ત્રી લાકડા તો લાવ્યો. દેખાવમાંયે અતિસુંદર પણ લીલાછમ. સળગે કઈ રીતે ? જેણે અડખે પડખેથી કરગઠિયા એકઠા કરી ચૂલો પેટાવી આંધણ મૂક્યું. પાણી ઉકળવા લાગ્યું એટલે બુડબુડબુડ અવાજ થવા લાગ્યો. વ્યાકરણશાસ્ત્રમાં આ ઉચ્ચાર વિશે કશી સ્પષ્ટતા હતી નહીં. એટલે એ અશ્રાવ્ય, અધતિ નિષેધિત ધ્વનિની વ્યાખ્યામાં આવ્યો. એણે તત્કાલ પાત્ર ઉપર દંડો ઝીંક્યો. માટીનું પાત્ર ફુટી ગયું અને અગ્નિ પણ બુઝાઈ ગયો.

એટલામાં સીધા વાળો તર્કશાસ્ત્રી આવ્યો. રસ્તામાં તેના હાથમાંના પાત્રમાંનું ઘી જોઈને એને તર્ક સુઝ્યો કે પાત્રના આધારે ઘી હશે કે ઘીના આધારે પાત્ર છે ? પાકું કરવા તેણે પાત્રને ઉંધુ કરી જોયું. હવે થવું જોઈએ તે થયું. ઘી ઢોળાઈ ગયું. બસ આને જ કહેવાય ‘વેદિયાવેડા’.

આજે તો આપણો આખો દેશ-સંસદ, સેક્રેટરિયેટથી સડક નાકે પાનના ગલ્લા સુધી-આવા જ તજજ્ઞોથી ઉભરાઈ રહ્યો છે અને જનજીવન તમામ સ્તરે અરાજકતાની આંધીમાં ઘેરાઈ ગયું છે. શરીરમાંના રુધિરાભિષરણની જેવા જ જનજીવનમાં આર્થિક વ્યવહારો અતિ મહત્વના છે. આવામાં ગરીબો અને અમીરો વચ્ચેની આર્થિક અસમાનતાની ભયાનક ખાઈ દેશને ક્યારે ને ક્યારેક તો આંતરવિગ્રહમાં હડસેલી જ દેશે. પ્રત્યેક બાબતની આખરે કોઈ સીમા તો હોય જ છે ને !

‘દિવ્યભાસ્કર’ દૈનિકમાં સમાચાર છે કે આ વર્ષના છેલ્લા, ચોથા ક્વાર્ટરમાં, સરકારી બેંકોની ખોટ ૫૦ હજાર કરોડ રૂપિયાને આંબી ચૂકી છે. આ માત્ર ત્રણ જ માસની ખોટના આંકડા છે. ચાર ચાર વર્ષના વ્હાણા વાઈ ચૂક્યા છે. પણ આપણા માનનીય પી.એમ.એ ચૂંટણીટાણે આપેલા વચનોમાંનું એકપણ સાકાર થયું નથી. અને તેમ છતાં લોકોની તેમનામાંની આશામાં ખાસ ઓટ આવી નથી. એનું એક માત્ર કારણ દેશમાં નેતૃત્વ ક્ષેત્રે પેદા થયેલો ભયાનક શૂન્યાવકાશ જ છે, બીજું કશું જ નહીં. એક માત્ર મોદી કેમ ? સિત્તેર વર્ષમાં આપણે કેમ હજ્જારો મોદી પેદા ના કરી શક્યા? થવું તો એ જોઈતું હતું.

ટૂંકમાં પ્રજા જીવનના કોઈપણ સ્તરે, આવનારા દિવસોની ગંભીરતાની કશી જ નોંધ લેવાતી નથી. મારા બાળપણમાં મને વડીલવર્ગની અને એનાથીયે વિશેષ કહેવાતા ઉજળિયાતોની સમજદારી પ્રત્યે બેહદ શ્રદ્ધા હતી. આજે લેશમાત્ર નથી. બધા જ ગોબર ગણેશ જ સિદ્ધ થયા. આવામાં આજનું રેશનાલિઝમ પણ બાકાત નથી.

મરતા પહેલા કોઈપણ મતને અંતિમ માની લેવો રેશનાલિઝમ નથી. કોઈપણ પ્રકારનો પડકાર કે આગ્રહ રેશનાલિઝમ નથી. રેશનાલિઝમ વિજ્ઞાન ને આધારભૂત માપદંડ માને છે. પણ વિજ્ઞાન ખુદ પોતાના તારણો સતત બદલતું જ રહ્યું છે. સ્ટિફન હોકિન્સ, જેમણે બ્રહ્માંડની ઉત્પત્તિના કારણમાં બીગબેંગ થિયરી પ્રસ્તુત કરી, એના ઉપર ખાસ્સા પ્રયોગો પણ થયા. ગયા માર્ચમાં જ તેમનું નિધન થયું અને પાછળ જ એ સમાચાર પણ આવ્યા કે તેમના છેલ્લા સંશોધનોમાં તેમણે પોતાની જ થિયરીને ખોટી માનીને નવો તર્ક આપ્યો છે. તેમના કહેવા મુજબ તેમનો મૂળભૂત આશય એ જાણવાનો છે કે આ બ્રહ્માંડ જેવું છે તેવું શા માટે છે, અને શા માટે ?

રેશનાલિઝમ પ્રત્યક્ષને જ સત્ય માને છે. બાકી બધાને કલ્પનાઓ માત્ર માને છે. પણ વિજ્ઞાન એવી અનેક બાબતોને સત્ય માને છે જે ક્યારેય પણ પ્રત્યક્ષ ના તો હતી નથી થવાની.

જેમ કે ‘અણુ’. ‘અણુ’ની એક વ્યાખ્યા એવી હતી કે પદાર્થના વિભાજનની પ્રક્રિયા દરમિયાન છેલ્લે રહી જતો એવો નાનામાં નાનો કણ. જેનું એથી આગળ વિભાજન કરવું અશક્ય છે. આગળ એને જોવો અશક્ય છે, ક્યારેય કોઈએ જોયો નથી. કે કદી કોઈ જોઈ શકશે પણ નહીં. માત્ર તેની અસરો જ અનુભવી શકાય.

હવે આશ્ચર્યની વાત એ કે કહેવાતા ધાર્મિકો જયારે આત્મા પરમાત્માની આવી જ વ્યાખ્યા કરે તેને માત્ર કલ્પના અને અંધશ્રદ્ધા કઈ રીતે કહી શકાય ?

છેલ્લે વિજ્ઞાન અણુ વિશેની પોતાની વ્યાખ્યામાં વધારે અનિશ્ચિત બન્યું. હવે તે કહે છે કે અણુ પણ સ્થાયી નથી. તે ક્યારેક કણની જેમ અને ક્યારેક તરંગની જેમ વર્તે છે. આને ‘ક્વોન્ટમ થિયરી’ કહેવાઈ. ક્વોન્ટીટી શબ્દ ઉપરથી આ થિયરીને નામ અપાયું.

અને આજે ખરેખર છેલ્લી સ્થિતિ એ છે કે કોઈપણ ક્ષેત્રે અંતિમ નિષ્કર્ષ જાહેર કરવામાં વિજ્ઞાન અસમંજસની સ્થિતિમાં આવી ઉભું છે. સતત પ્રયોગો અને સંશોધનો થતાં જ જાય છે. પણ કોઈ ઠોસ અને અંતિમ નિષ્કર્ષ ક્યાંય આવતો જણાતો નથી. આવા વિજ્ઞાન વિશે કેટલાકનો અહોભાવ ધાર્મિકોના ધર્મ પ્રત્યેના અહોભાવ કરતાંયે અદકેરો છે. પણ સત્ય એ છે કે વિજ્ઞાન, પૃથ્વી અને તેના ઉપર જન્મતી વિચરતી જીવ સૃષ્ટિ માટે એટલો ભયાનક અભિશાપ પુરવાર થયું છે કે લાગે છે કે સર્વત્ર માત્ર વિનાશ જ એનું એકમાત્ર લક્ષ્ય છે.

એક બાજુ એક જણના બચાવ માટેની દવાઓ, એ પદ્ધતિઓમાં સતત સંશોધનો થતા જ રહે અને એની જ સમાંતરે એકી સાથે વધારેમાં વધારે દૂર જઈને એકી ધડાકે કરોડોને રાખ કરી દેવાનાયે સંશોધનો ચાલ્યા જ કરે. આ બેમાં કોઈ સંગતિ જણાય છે ?

આ તો થઈ વિજ્ઞાનની વાત પણ ભૂમિતિમાંયે આવી જ બેહુદી

વ્યાખ્યાઓ છે. તેમાં બિંદુની વ્યાખ્યા એવી છે કે જેને લંબાઈ પહોળાઈ અને જાડાઈ કશું જ નથી. કોઈ સમજાવી શકશે કે આવી વસ્તુ કઈ રીતે સંભવ છે ?

આવી જ વ્યાખ્યા રેખાની છે. જેને લંબાઈ તો છે પણ પહોળાઈ નથી. અને વિજ્ઞાન કહે છે કે પદાર્થ, જે છે, તેની પાસે લંબાઈ, પહોળાઈને જાડાઈ હોવી જ જોઈએ.

આમ સમજમાં કદીયે ના ઉતરે કે ના સમજાવી શકાય એ જ વસ્તુ વ્યવહારમાં એટલી ઉપયોગી છે કે તેના વગર કોઈ ક્ષેત્રે તસુભાર આગળ પણ ના વધી શકાય.

જીવનભર આપણી મોટામાં મોટી સમસ્યા, જેની સાથેના સંઘર્ષમાં જ આખું આયુષ્ય પૂરું થઈ જાય છે, એ તો છે ગુરુત્વાકર્ષણ. કે જે આપણને એક જ જગ્યાએ બાંધી રાખે છે. ગતિ અને ગુરુત્વાકર્ષણ એટલા સાપેક્ષ છે કે બંનેને જુદા પાડી ને સમજી પણ ના શકાય. પણ આ વસ્તુ આપણા જીવન સાથે એટલી જોડાયેલી છે કે એના ઉપર વિચાર કરવા સુધ્ધાંનો વિચાર કોઈને નથી આવતો. પણ આ બધી જ બહારની અને દૂરની વાતો થઈ. વ્યક્તિ ખુદ પોતાના વિશે કેટલું જાણે છે એ સવાલ પણ પૂછાવો તો જોઈએ જ ને !

વ્યક્તિનો ગર્ભાવસ્થાકાળ છોડી દઈએ. તોયે તેના જન્મ પછીની ત્રણેક વર્ષ દરમિયાનની તેની સાથે ઘટેલી એક પણ ઘટનાની કશી જ જાણ નથી. એ પોતે હતો એ હકીકત છે. ઘણું બધું તેની સાથે ઘટ્યું જ હતું. પણ કશું જ યાદ નથી ! કેમ ? છે જવાબ ?

ઉંઘ આપણી રોજની અને અનિવાર્ય જરરિયાત છે. રોજના સાત આઠ કલાકના હિસાબે આપણા કુલ જીવનનો ત્રીજા ભાગનો સમય ઉંઘમાં વીતે છે. આ ઉંઘ દરમિયાન ક્યારેય પણ આપણને ઉંઘમાં હોવાની જાણ કેમ નથી થતી ? આપણે જાગૃત અવસ્થામાંથી નિદ્રાવસ્થામાં કઈ ક્ષણે અને કેવી રીતે સરકી જઈએ છીએ, તેની ખબર કેમ નથી પડતી ? ઉંઘમાં સૌ કોઈ સ્વપ્ન જુએછે. સ્વપ્નમાં જાગૃત અવસ્થામાં કરતા હોઈએ એવી તમામ પ્રવૃત્તિઓ પણ કરીએ છીએ. જો હું માત્ર શરીર છું અને શરીરના માધ્યમ વગર કશી જ પ્રવૃત્તિ સંભવ ના હોય તો ઉંઘમાં મારું શરીર મારા ઘરમાં, મારી પથારીમાં વિશ્રામમાં હોવા છતાં, થતી પ્રવૃત્તિઓનું રહસ્ય શું છે?

આ શરીરનું સત્ય શું છે ? એ સતત અવિરત પરિવર્તન પામતું જ રહે છે. આ એક અબજો કોશિકાઓનો સંપૂટ છે. જેમાં સતત જૂની મરતી રહે છે અને નવી જન્મતી રહે છે. જેમ પ્રજા, જૂના મરતા જાય છે, નવા ઉમેરાતા જાય છે અને દર સો વર્ષે સમગ્ર પ્રજા બદલાઈ જાય છે. એજ રીતે આ શરીર પણ દર સો વર્ષે સંપૂર્ણપણે બદલાતું જાય છે અને છઠ્ઠા સપ્તકાંતે બેંતાલા પહેરવા પડે છે અને આપણે આપણી આંખ જે આપણને આખી સૃષ્ટિના દર્શન કરાવે છે તેને જ પ્રત્યક્ષ રીતે ના તો ક્યારેય જોઈ છે, ના તો જોઈ શકીશું.

આપણા પોતાના હોવામાં જ કેટકેટલા લોકો અને પરિબળોનો ફાળો છે. જેના વિશે આપણને ક્યારેય વિચાર આવે છે ? આપણા દેહ, વ્યક્તિત્વ અને વિચારોમાં કેટકેટલા લોકોનું યોગદાન છે એ ગણવા બેસીએ તો આપણું પોતાનું કહી શકાય એવું શું મળશે ?

અન્ય જનોના સંપર્ક અર્થે આપણે વાણી અને લિપિનો ઉપયોગ કરીએ છીએ. વાણીમાં આપણે જુદા જુદા પ્રકારના ધ્વનિનો આશ્રય લઈએ છીએ. ધ્વનિના પ્રત્યેક રૂપને ક, ખ, ગ કે એ.બી.સી.ડી.ની માન્યતા આપીને એમાં ચોક્કસ અર્થને સર્વમાન્ય કરવામાં આવે છે. આ એક પ્રકારનું કોડિંગ જ છે અને એને રચનાકારે કલ્પેલા અર્થમાં જ ડિકોડિંગ કરાય છે. આવું જ લિપિનું છે. વાસ્તવમાં ધ્વનિ માત્ર ધ્વનિ છે અને લિપિ માત્ર વાંકી ચૂંકી રેખાઓ જ હોય છે, જેનો ઉપયોગ આપણે એકબીજાથી કનેક્ટ થવા માટે આપણી અનુકૂળતા મુજબ કરતા રહીએ છીએ.

બાહ્ય વિશ્વ તો એક જ છે. સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, સમુદ્ર બધું જ છે તેમ જ છે. પણ શ્રવણ અને દર્શનના આધારે પ્રત્યેક જણે પોતાના અંતપ્રદેશ સર્જેલા વિશ્વો અનેક છે. અને તે પ્રત્યેકની પોતાની ગ્રહણ અને સમજની ક્ષમતા પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે અને એને કારણે જ તમામ પ્રકારના મતભેદો પેદા થાય છે.

ટૂંકમાં, વ્યક્તિગત બુદ્ધિ સમગ્ર સૃષ્ટિના બધા જ રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે એવી કલ્પના પણ મુર્ખામી જ કહેવાશે. એ માટે મન અને બુદ્ધિની પાર જ જવું પડે અને આ જ બુદ્ધનું દર્શન પણ કહે છે. બાકી માન્યતાઓનો તો ક્યાં પાર છે ? તમને ઠીક લાગે તે માની શકો છો. પણ તમારા કે મારા માની લેવાથી કશું જ સત્ય નથી બની જતું.

## ડોનાલ્ડ ટ્રમ્પને ઓળખીએ

ડોનાલ્ડ ટ્રમ્પ વિષે લોકોએ અમુક વાતો સમજવા જેવી છે. એ ક્રિમિનલ પરિવારમાંથી આવે છે. એમના દાદાએ સીટલમાં વેશ્યાઘર ચલાવીને કમાણી કરી હતી. એમના પિતા ફ્રેડનો એક ધંધાદારી દોસ્ત વિલી તોમાસેલો, ગેમ્બીનો નામની ગેંગસ્ટર ફેમિલીનો પાર્ટનર હતો. સરકારને હાલના ૩૬ મિલિયન ડોલરમાં નવાડવાના કેસમાં ટ્રમ્પના પિતાની યુએસ સેનેટે તપાસ કરી હતી. ડોનાલ્ડે આ શોમેનશીપ એના બાપા પાસેથી અને વૈભવ સંગઠિત ક્રિમિનલ્સ પાસેથી મેળવ્યો છે.

ધર્મ શ્રધાળુ અમેરિકનોએ એ પણ જાણવું જરૂરી છે કે, ડોનાલ્ડની જીવન અંગેની અંગત ફિલોસોફી વેરની વસૂલાતની છે. ઈશુની 'બીજો ગાલ ધરવા'ની શીખ આપનારને એણે મૂર્ખ કહ્યા છે. ટ્રમ્પ બાઈબલમાં જે છે તેનાથી તદન ઉલટું કહે છે. એ ક્રિશ્ચિયનોને ઉતારી પડે છે. હું ૩૦ વર્ષથી એને ઓળખું છું. એ સહેજ પણ બદલાયો નથી. એ સાંગોપાંગ રેસિસ્ટ છે. એણે બિન-ગોરાઓને નોકરીઓમાંથી બાકાત રાખ્યા છે. ટ્રમ્પ એના દાવાથી વિપરીત, ઝનૂની રીતે ક્રિશ્ચિયન વિરોધી છે, અને એને શબ્દશઃ કોઈ બાબતની કશી જ ખબર નથી પડતી.

**પુલિત્ઝર પારિતોષિક વિજેતા પત્રકાર**
**ડેવિડ કેય જોહ્નસન એક ઈન્ટરવ્યૂમાં**
**(રાજ ગોસ્વામીની ફેસબુક વોલ પરથી)**


## સંપાદકીય કાર્યાલય

**''દલિત અધિકાર'' માટેના લેખો, અહેવાલો, કાવ્યો અને અન્ય ,**
**સમીક્ષા માટેના પુસ્તકો, વિનિમયાર્થે સામયિકો**
**તથા લવાજમ**
**નીચેના સરનામે મોકલવા વિનંતી છે.**
**ચંદુ મહેરિયા**
**'નિરાંત', ૧૪૧૬/૧, સેકટર-૨-બી, ગાંધીનગર-૩૮૨૦૦૭**
**મો.નં.૯૮૨૪૬ ૮૦૪૧૦**
**Email- maheriyachandu@gmail.com**

# દલિત કર્મશીલની નોંધપોથી

**વાસરી**

**રાજુ સોલંકી**

### ખાનગી શાળાઓના સંચાલકો અને દારૂના અડ્ડાવાળા

"એક જ સ્કૂલમાં તમારા ત્રણ બાળકો ભણતા હોય તો એકની ફી માફી. એવો કોઈ નિયમ છે આરટીઈમાં?"

"ના. કેમ?"

"અમારા વિસ્તારની સ્કૂલો આવું કરે છે."

"શોપિંગ મૉલમાં બે શર્ટ ખરીદો તો એક ફ્રી નથી આપતા? હવે આ વેપારીકરણ શિક્ષણમાં શરૂ થયું છે."

પૌત્ર અંશની અરજીની ઝેરોક્સ આપવા મારા ઘરે આવેલા રમણભાઈ પરમારે જ્યારે મને આ વાત કરી ત્યારે મારા મોંઢેથી પહેલા તો "ના હોય"નો ઉદ્‌ગાર નીકળી ગયો, પરંતુ ગુજરાતમાં જે રીતે શિક્ષણની અધોગતિ થઈ રહી છે, તેવી સ્થિતિમાં આવી અવનવી સ્કીમોની આવનારા દિવસોમાં મોટા પાયે જાહેરાતો થવાની પૂરેપુરી વકી છે.

રમણદાદા સાથે વાત કરી ને હું ચાલીસ વર્ષ પહેલાના અમદાવાદમાં જતો રહ્યો. જ્યુપીટર, રૂસ્તમ, જહાંગીર જેવી મિલોમાં કામ કરીને છેવટે રોહિત મિલમાં પાંત્રીસ વર્ષ ફીટર તરીકે નોકરી કરનારા રમણદાદા હાલ સિત્તેર વર્ષના છે. કૃષ્ણનગરની અંકુર સોસાયટીમાં ટેનામેન્ટ બનાવનારા રમણદાદાએ અમદાવાદની એક વેળાની કાપડ મિલોની જાહોજલાલી જોઈ છે, એટલે હાલની સ્થિતિ પર નિસાસો નાંખતા કહે છે, "હવે તો મશીને મશીને કેમેરા. મૂતરવા જાવ તો ત્યાં પણ કેમેરો. કેન્ટીનમાં ચા પીવા જાવ તો ત્યાં પણ કેમેરો. પગાર રૂપિયા રોજનો ચારસો અને એ પણ કોન્ટ્રાક્ટ પર. કાયમીના કોઈ લાભ નહીં."

મૂળ સૈજપુર ગામના વતની રમણદાદાનું પરગણું છે દસકોશી. એમનું નવું ઘર જૂના મહોલ્લાથી થોડુંક જ દૂર છે. મહોલ્લામાં છેલ્લા એક વર્ષમાં પાંચ યુવાનો દારૂના વ્યસનને લીધે મરી ગયા એનો અફસોસ વ્યક્ત કરતા એમણે કહ્યું કે, "હવે દારૂના અડ્ડાવાળા એમના ગ્રાહકનો વીમો ઉતરાવે છે અને પછી એને પુષ્કળ દારુ પીવડાવે છે. પેલો મરી જાય એટલે એનો વીમો પોતે લઈ લે છે." મારા માટે આ તદ્દન નવી વાત હતી. ખાનગી શાળાઓના સંચાલકો અને દારૂના અડ્ડાવાળાઓ આટલા સર્જનાત્મક થઈ ગયા છે અને આપણે સાવ ડોબાના ડોબા રહી ગયા.

### 'બેટી પઢાવો, બેટી બચાવો' સૂત્ર કોના માટે?

એક દેવીપૂજક પરિવાર ઘરે આવ્યો. મેં એમની સાથે વાતો કરી. તેમના દિલમાં પોતાના સંતાનોને ભણાવવાની કેવી તાલાવેલી છે એની મને ખબર પડી. પિતા રાજેશ પટણી છૂટક મજૂરી કરે છે. તડકામાં રખડી રખડીને એનો ચહેરો કાળોમેશ થઈ ગયો છે. સૂકલકડી બાંધાની ને માંડ ચાલીસ કિલો વજનની જણાતી માતા અરુણા અગરબત્તીનો વેપાર કરે છે. શેર લાવીને શેર ખાય છે. એમની દીકરી આરુષીને આ વર્ષે આરટીઈ એક્ટ હેઠળ ૨૫ ટકા ક્વૉટામાં સર્વોદય વિદ્યાલય (બાપુનગર, અમદાવાદ)માં પ્રવેશ મળ્યો હતો.

હવે તેમણે ઘર બદલ્યું છે. તેઓ મેઘાણીનગરમાં શાંતિનગરની ચાલીમાં રહેવા આવ્યા છે. શાળા ટ્રાન્સફર માટે છેલ્લા પંદર દિવસમાં એમણે વસ્ત્રાપુરની ડીઈઓ કચેરીમાં વારંવાર ધક્કા ખાધા, પણ કોઈ સાંભળે જ નહીં. ગત તેરમીએ સામૂહિક અરજીઓ આપવાનો કાર્યક્રમ રાખ્યો અને એમની અરજી સ્વીકારાઈ. આજે એની ઝેરોક્સ કોપી આપવા મારું ઘર શોધતા શોધતા આવ્યા. મેં બેસવા ખુરશી આપી, પણ અરુણાબહેન નીચે ભોંય પર જ બેસી ગયા.

આ એક સાવ સામાન્ય, નગણ્ય, ક્ષુલ્લક મુદ્દો છે. મોટાભાગના લોકોને આમાં લગીરે રસ નહીં પડે. પણ એક દેવીપૂજક દંપતી માટે આ અત્યંત ગંભીર સવાલ છે. અરુણાબેન કહેતા હતા કે આરુષી રોજ રઢ પકડે છે, સ્કૂલે જવાની. એને ભણવાની બહુ ઈચ્છા છે. ડીઈઓ કચેરીમાં કોઈ સાંભળતું નથી. મેં કહ્યું, "તમારું કામ થશે જ, ડીઈઓ કચેરીનો કાન પકડીને આપણે આ કામ કરાવીશું. એક દેવીપૂજક દીકરીના ભણતરનો સવાલ છે. 'બેટી પઢાવો, બેટી બચાવો,' સૂત્ર શું ગ્લોબલ ગુજરાતી, એનઆરઆઈ, એનઆરજી માટે છે? ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના વાચકો માટે જ છે? દેવીપૂજકને નથી લાગુ પડતું?"

### મને કેરળ બહુ વહાલું લાગે છે

કેરળમાં બ્રાહ્મણ સ્ત્રીઓ 'highly educated' છે, આઈટી જેવા સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝમાં ઉંચા પગારે નોકરીઓ કરે છે અને મંદિરોમાં ઘંટડી વગાડતા મૂરતીયાઓને પરણવા તૈયાર નથી.....

પરિણામે કેરળમાં બામણ છોકરાઓ પણ પૂજારી થવા તૈયાર નથી...

એટલે જો તમે માત્ર બામણોને જ પુજારી બનાવવાનો આગ્રહ રાખો તો કેરળમાં મોટા ભાગના મંદિરો બંધ પડે તેમ છે...

અને એટલે જ હવે કેરળમાં દલિત પૂજારીઓ ઘંટડી વગાડે છે.....

મને કેરળ બહુ વહાલું છે.

### આનંદ અને આભાર

કાન્તિભાઈ કે.પરમાર (ડભાડવાળા),

શંકરભાઈ લેઉવા('જય ભીમ'),

એમ.જી.ચૌહાણ( નિવૃત ઉપસચિવ) અને

રમણ વાઘેલા (દલિત સાહિત્યકાર-કર્મશીલ અને નિવૃત નાયબ સચિવ) - એ તમામ દ્વારા દલિત અધિકારના ૧૦-૧૦ લવાજમો મળ્યા છે.

મણિભાઈ રોહિત(સિંહુજવાળા) દ્વારા બે શુભેચ્છા યોગદાન અને તેમના દ્વારા દર મહિને બે લવાજમો મળતા રહે છે

### નવુ વાચન

● **તત્સમ( વિવેચન)**, વિજય શાસ્ત્રી, પ્રાપ્તિસ્થાન- આદર્શ પ્રકાશન, 'સારસ્વતસદન', ૧૭૬૦, ગાંધીમાર્ગ, બાલા હનુમાન સામે, અમદાવાદ-૩૮૦૦૦૧, કિંમત-રૂ. ૧૫૦/-

● **રમેશ પારેખ ( લેખન-સર્જન તથા લાક્ષણિક જીવનસંદર્ભનો આસ્વાદલક્ષી અને સમીક્ષાત્મક પરિચય)**, રાજેશ પંડ્યા, પ્રકાશક – સાહિત્ય અકાદેમી, દિલ્હી, કિંમત-રૂ. ૫૦/-

● **વીર મેઘમાયા સૌરાષ્ટ્ર રથયાત્રા( અહેવાલ)**, ડો.નરસિંહદાસ વણકર, પ્રકાશક –વીરમાયા સ્મારક સમિતિ, ૨, વિભૂતિ સોસાયટી, રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦, કિંમત-રૂ. ૧૦૦/-

# વિકાસ મતલબ આઝાદી, ફ્રીડમ

**જરા સોચો**

**જ્યાં દ્વેજ**

દોસ્તો આપ કો માલૂમ હોગા ભારત મેં રેકોર્ડ કા બહોત શૌક હૈ. ગિનિસ બુક ઓફ રેકોર્ડ્‌ર્સ મેં ઘુસને કે લિયે લોગ ક્યા નહીં કરતે ? માઉન્ટ એવરેસ્ટ પર ચડ જાતે હૈ, પાંચ ક્વિન્ટલ કા લડ્ડુ બનાતે હૈ, દસ ફીટ કા મોંજ કભી બનાતે હૈ, ઔર જહાં તક કી પ્રધાનમંત્રી ભી દસ લાખ રુપિયોં કા સૂટ પહેનકે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ મેં પ્રવેશ કીયે હૈ. ઔર આજકલ ભારત સરકાર એક ઔર રેકોર્ડ કી તલાશ મેં હૈ. ઔર વો હે વર્લ્ડસ ફાસ્ટેટ ગ્રોઈંગ ઈકોનોમી. પિછલે કુછ સાલોં મેં ઈસ રેકોર્ડ કી તલાશ મેં થોડી સફલતા હુઈ હૈ. ઈસ તલાશ મેં ચીન કા ઈકોનોમિક સ્લો ડાઉન ઔર શાયદ આર્થિક આંકડોં કી હેરાફેરી સે ભી મદદ મિલા હોંગા.

આર્થિક વૃદ્ધિ, ઈકોનોમિક ગ્રોથ ઔર વિકાસ મેં બહોત ફર્ક હૈ. વિકાસ એક ઉદ્દેશ હૈ, આર્થિક વૃદ્ધિ એક માધ્યમ હૈ. અંત મેં વિકાસ ક્યા હૈ ? વિકાસ કા મતલબ હૈ કી જીવન કા ગુણબત્તા બઢ રહા હૈ ઔર આમ લોગોં કે જીવન મેં સુધાર દીખ રહા હૈ ? વિકાસ કા દૂસરા નામ હૈ આઝાદી, ફ્રીડમ. ભૂખ સે આઝાદી, ગરીબી સે આઝાદી, અસમાનતા સે આઝાદી, અંધવિશ્વાસ સે આઝાદી ઔર હિંસા સે ભી આઝાદી. ઈસ પર શાયદ અર્થશાસ્ત્રિયોં કે બીચ કભી અસહમતિ નહીં હોંગી. ઈસ કે બાવજૂદ અગર ભારત કી આર્થિક નીતિ દેખેં, તો કેવલ આર્થિક વ્રિદ્ધી પર કેન્દ્રિત હૈ. આજકલ જીડીપી ગ્રોથ કા ઈતના ચિંતા હૈ, કી ઈસકા નિગરાની ક્વોટર ટુ ક્વોટર કર રહે હૈ ઔર ડેસિબલ દેખતે હુએ ભી. ક્વોર્ટલી જીડીપી ગ્રોથ ૭.૨ પ્રતિશત પહોંચ રહા હૈ તો કહા જાતા હૈ, ઈન્ડિયા ઈસ ધ ફાસ્ટેટ ગ્રોઈંગ ઈકોનોમી ઈન ધ વર્લ્ડ. ૬.૭ પરસન્ટ પહોંચતા હૈ તો કહા જાતા હૈ કી ઈકોનોમી ઈસ નડોલરન્સ. જબ કી ક્વોર્ટલી જીડીપી ગ્રોથ મેં ઈતના શુદ્ધતા નહીં હૈ કી ૭.૨ ઔર ૬.૭ મેં કોઈ ફર્ક દેખ શકે. સોચને વાલી બાત યે હૈ કી જીડીપી ગ્રોથ કરીબ સાત પ્રતિશત હોને કે બાવજૂદ ગ્રામીણ મજદૂરોં કી મજદૂરી નહીં બઢ રહી. લેકિન ઈસ પર કોઈ બાત હી નહીં હૈ. અગર હમેં વિકાસ કી બાત કરના હૈ તો ન કેવલ જીડીપી ગ્રોથ કે આંકડો કો દેખના પડેગા લેકિન ઈસકે સાથ મજદૂરી ઔર સામાજિક સંસ્કરનો પર ભી ધ્યાન દેના પડેગા.

દૂસરા વિચાર - પબ્લિક એક્શન. વિકાસ કો આઝાદી માનતે હુએ ભી કુછ લોગ કહેંગે કી, હા ઉદ્દેશ વહી હૈ લેકિન ઈસ કા માધ્યમ હૈ આર્થિક વ્રિદ્ધી ઔર ઈસ કા કોઈ વિકલ્પ નહીં હૈ. પર હમ ઈસસે સેહમત નહીં હૈ. આર્થિક વ્રિદ્ધી સે જરુર મદદ મિલ સકતા હૈ, ક્યોંકી આર્થિક વ્રિદ્ધી સે વ્યક્તિગત આય બઢતા હૈ ઔર સરકારી રેવન્યૂ ભી બઢતા હૈ. જિસ સે સાર્વજનિક સુવિધાયે ઉપલબ્ધ કરાવાઈ જા સકતી હૈ. લેકિન વિકાસ કેવલ આર્થિક વ્રિદ્ધી કી બાત નહીં. ઉસ કે સાથ પબ્લિક એક્શન યાની સાર્વજનિક કાર્યવાહી બહુત જરુરી હૈ. ઉદાહરણ કે લિયે, સ્વાસ્થ કી બાત કરેં. જો જીવન કી ગુણબત્તા કા આધાર હૈ. અગર સ્વાસ્થ કે સૂચકાંક દેખેં, જૈસે મોર્ટાલિટી, ફર્ટિલીટી, ટીકાકરણ, સ્વચ્છતા આદિ. તો બાંગ્લાદેશ ભારત સે કાફી આગે હૈ. યે આર્થિક વ્રિદ્ધી કા ફલ નહીં હૈ. યે પબ્લિક એક્શન કા ફર્ક હૈ. બાંગ્લાદેશ કા જીડીપી દેખેં તો ભારત સે બહોત કમ હૈ. ઉસસે આધા હૈ. લેકિન વહાં પિછલે કઈ સાલ સે સાર્વજનિક સ્વાસ્થ્ય, પબ્લિક હેલ્થ પર ધ્યાન દિયા જા રહા હૈ. ઔર ઉસ ક્ષેત્ર મેં ભારત બહોત પીછે હૈ. ભારત મેં જીસ રાજ્યમેં સાર્વજનિક સ્વાસ્થ્ય પર ધ્યાન દિયા ગયા હૈ જૈસે કેરલ, તમિલનાડ, હિમાચલપ્રદેશ વહાં ભી ઈસ કા ફલ દિખ રહા હૈ. ઈન રાજ્યોમેં સ્વાસ્થ્યકા સૂચકાંક બાંગ્લાદેશ સે ઔર અચ્છે હૈ. જૈસે પબ્લિક એક્શન સ્વાસ્થ્ય કે લિયે જરુરી હૈ ઉસી તરહ કઈ ઔર ચીજોં કે લિયે ભી જરુરી હૈ. જૈસે કી પોષન, શિક્ષા, સામાજિક સુરક્ષા, સમાનતા, પર્યાવરણ સંરક્ષન ઔર આર્થિક વ્રિદ્ધી કે લિયે ભી. પબ્લિક એક્શન કે બારે મેં યે ભી સ્પષ્ટ કરના જરુરી હૈ કી વો કેવલ સરકારી કાર્યવાહી ઔર સરકારી નીતિ કી બાત નહીં હૈ. ભારત મેં સરકારી નીતિ એક લોકતાંત્રિક પ્રક્રિયા કા નતીજા હૈ, જીસ મેં નાગરિક સંસ્થાઓ ઔર આમ જનતા કા ભૂમિકા ભી હૈ. સામાજિક લોકતંત્ર કમ હોને કે કારણ શાયદ જનતા કી ભાગીદારી ઈતના નહીં હૈ જીતના હોના ચાહીએ. લેકિન ઈસ સ્થિતિ કો બદલના ભી વિકાસ કા એક હિસ્સા હૈ.

તીસરા - ફન્ડામેન્ટલ ઈન્પોરટન્સ ઓફ હેલ્થ, એજ્યુકેશન એન્ડ સોશિયલ સિક્યોરિટી. સિર્ફ શિક્ષા કી બાત કરેં. અગર પિછલે બીસ સાલ મેં ડેવલપમેન્ટ ઈકોનોમિક્સસે એક ચીજ સિખા ગયા હૈ તો વો યે હૈ કી વિકાસ કે લિયે શિક્ષા સબસે જરુરી હૈ. ખાસ કર કે પ્રારંભિક શિક્ષા. શિક્ષા રોજગાર કે લિયે જરુરી હૈ. સ્વાસ્થ્ય કે લિયે જરુરી હૈ, ડેમોક્રેટિક ચેઈન્જ કે લિયે જરુરી હૈ. લોકતંત્ર કે લિયે જરુરી હૈ. શોષન કે બચને કે લિયે જરુરી હૈ. ઔર શિક્ષા અપને આપ મેં ભી જીવન કે ગુણવત્તા કા એક હિસ્સા હોતા હૈ. ઉસકે અલાવા સ્વાસ્થ્ય ઔર શિક્ષા માનવ સંસાધન કો ભી બઢાતે હૈ. માનવ સંસાધન કી કમી કે કારણ પકૌડા બેચનેવાલા પકૌડા હી બેચતા હૈ. જબ કી શિક્ષા લિયા હોતા તો એન્જિનિયર બન સકતા થા. ઔર ઉસી કે કારણ ભારત મેં મજદૂરોં કી મજદૂરી મુશ્કિલ સે બઢતી હૈ. જબ કી ચીન મેં લગભગ જીડીપી કે હિસાબ સે મજદૂરી બઢતી હૈ. આશ્ચર્ય કી બાત યહ હૈ કી સ્વાસ્થ, શિક્ષા, સામાજિક સુરક્ષા, જીવન કા ગુણવત્તા, આર્થિક વિકાસ કા આધાર હોને કે બાવજૂદ ભારત કે લોકતંત્ર મેં ઈન મામલોં કી બાત નહીં હોતી. યે ભારત કે અંતરવિરોધોં કા એક તાજા ઉદાહરણ હૈ. અંત મેં ઈતના કહેના ચાહતા હું કી, સાયકલ દો પહિંયોં સે ચલતી હૈ ઔર વિકાસ કા સાઈકલ ભી દો પહિંયોં સે હી ચલતા હૈ - આર્થિક નીતિ ઔર સામાજિક નીતિ. લેકિન મોદી સરકાર ઈસે એક પહિંયે પર ચલાને કી કોશિશ કર રહી હૈ જો આર્થિક નીતિ હૈ. સામાજિક નીતિ પે કોઈ ધ્યાન નહીં દે રહે હૈ. કેવલ પૈસે બચાને કી કોશિશ કર રહે હૈ. ઔર આર્થિક પહિયેં કા હવા ભી નિકલને લગા હૈ. સ્થિતિ ગંભીર હૈ, ફિર ભી હમેં યે ઉમ્મીદ રખની ચાહિયે કી લોકતાંત્રિક સંઘર્ષ સે પરિવર્તન આ જાયેગા. ઔર કોઈ રાસ્તા નહીં હૈ. મુજે ઉમ્મીદ હૈ કી એક કિતાબ કા પ્રસ્તિતી કેવલ પાંચ મિનિટ મેં દેને કે લિયે મુજે ગિનિસ બુક મેં થોડી સી જગહ મિલની ચાહિયે !

*(અમર્ત્ય સેન સાથેના પોતાના નવા પુસ્તક an uncertain glory_ india and its contradictionsનાં પ્રકાશન સમયે બોલાયેલું)*

*સૌજન્ય : નરેશ મકવાણા*

# બિનદલિત સ્ત્રીઓની સરખામણીમાં ૧૪ વર્ષ ઓછું જીવે છે દલિત સ્ત્રીઓ

## વાસ્તવ

સંયુકત રાષ્ટ્રના અહેવાલ અનુસાર સ્વચ્છતાનો અભાવ, તમામ પ્રકારની સ્વાસ્થ્ય સેવાઓનો અભાવ તથા પાણીની અછતના કારણે દેશની દલિત સ્ત્રીઓના જીવને જોખમ વધુ રહે છે.

દેશમાં પુરૂષોની સાપેક્ષમાં સ્ત્રીઓને દરેક ક્ષેત્રે વધુ પડતા ભેદભાવનો ભોગ બનવું પડે છે. પછી એ સામાજિક હકની વાત હોય કે કમાણીની. મોટેભાગે સ્ત્રીઓ પુરૂષોથી પાછળ જ હોય છે. હવે સંયુકત રાષ્ટ્ર (યુ.એન.ઓ.)ના એક અહેવાલ અનુસાર સ્ત્રીઓ સાથે થતો ભેદભાવ ફક્ત જાતીય-લિંગ આધારિત જ નહિ પણ જાતિગત અને આર્થિક ક્ષેત્રનો પણ છે.

ઈન્ડિયન એક્સપ્રેસના, 'ટર્નિંગ પ્રોમિસેસ ઈન ટુ એકશન – જેન્ડર ઈક્વાલિટી ઈન ધ ૨૦૩૦' એજન્ડા નામના આ અહેવાલ અનુસાર એક બિનદલિત સ્ત્રીની સરખામણીમાં એક દલિત સ્ત્રી આશરે ૧૪.૬ વર્ષ ઓછું જીવે છે. 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ દલિત સ્ટડિઝ'ના એક સંશોધનને ટાંકીને આ અહેવાલમાં કહેવાયું છે કે, કહેવાતા ઉચ્ચ વર્ણની મહિલાની ઉંમર ૫૪.૧ વર્ષ હોય છે ત્યારે દલિત મહિલા આશરે ૩૯.૫ વર્ષ જ જીવે છે.

અહેવાલ અનુસાર સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સેવાઓનો અભાવ તથા પાણીની અછત, દલિત મહિલાના ઓછા આયુષ્ય માટેના મૂળ કારણો છે. અહેવાલ અનુસાર દલિત સ્ત્રીઓનું આયુષ્ય ત્યારે પણ ઓછું જ હતું જયારે મૃત્યુ દર સાથે જોડાયેલા કારણો, ઉચ્ચ જાતીય મહિલાઓ જેવા જ હતા. જો સામાજિક ભેદભાવની દ્રષ્ટિએ જોઈએ તો પણ દલિત અને બિનદલિત મહિલાઓના મૃત્યુ વચ્ચે ૫.૪૮ વર્ષ જેટલું અંતર છે.

'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ દલિત સ્ટડિઝ'ના સંશોધકોના મત મુજબ જો બિનદલિત મહિલા અને દલિત મહિલાઓની સ્વચ્છતા અને પીવાના પાણી જેવી સામાજિક સ્થિતિઓ સરખી હોય તો પણ બિનદલિત મહિલાઓની તુલનામાં દલિત સ્ત્રીઓના આયુષ્ય વચ્ચે આશરે ૧૧ વર્ષ જેટલા ગાળાનું અંતર જણાઈ આવે છે.

રિપોર્ટ અનુસાર 'પછાત સમાજમાં એવી સ્ત્રીઓ અને છોકરીઓ હોય છે જેમને જાતિ અથવા બીજી કોઈ પ્રકારની અસમાનતાના કારણે નુકસાન વેઠવું પડે છે. જેના લીધે નથી એમને સારું શિક્ષણ મળી શકતું, ના નોકરી કે કામ અને ના પૂરતી સ્વાસ્થ્યસંબંધી સેવાઓ.

અહેવાલ જ કહે છે કે, વધતી જતી અસમાનતા માટે આર્થિક સ્થિતિ અને પરિવેશ જેવા પરિબળો પણ જવાબદાર છે. ઉદાહરણ તરીકે, કોઈ ગ્રામીણ ઘરની ૨૦-૨૪ વર્ષની છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા થવાની શક્યતા, શહેરમાં રહેનાર છોકરી કરતા પાંચ ગણી વધારે રહે છે. શહેરી સ્ત્રીની તુલનામાં ગ્રામીણ સ્ત્રી નાની ઉંમરે માતા બને છે, તેમાં પોતાના પૈસા વાપરવાની જાણકારીનો અભાવ હોય છે.

આ જ અહેવાલ પ્રમાણે એક સ્ત્રીની ગરીબ હોવાની શક્યતા ત્યારે વધી જાય છે જયારે એની પાસે જમીન ન હોય અને વળી તે અનુસૂચિત જાતિની હોય. તેના ઓછા શિક્ષણ અને સામાજિક વર્ગીકરણના કારણે જો ક્યાંક છૂટક કામે કે મજૂરીએ જાય તો ત્યાં પણ તેનું શોષણ જ થાય છે.

યુ.એન. દ્વારા બે વર્ષ પહેલાં શરૂ કરાયેલા વિકાસના મુદ્દાઓમાં ' લીવ નો વન બિહાઈન્ડ' નું સૂત્ર આપ્યું છે, જેની અગ્રીમતા સમાજના બહોળા વંચિતોની જરૂરિયાતો પૂરી કરવાનું છે.

**અનુવાદ : જવાલા દિનેશ (ધ વાયર)**

## નવું વાચન

● **શહરનામા (અમદાવાદની ભાતીગળ સંસ્કૃતિનું સંવાદના સથવારે આલેખન)**, સરૂપ ધ્રુવ,પ્રકાશક અને વિતરક-દર્શન, ૯, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર રેલવે સ્ટેશન રોડ,જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૫૧, કિંમત-રૂ.૪૫૦/-

● **પ્રતીતિ (ચાલીસ વર્ષના દલિત સાહિત્યનું સરવૈયું)**, મનોજ પરમાર, વિક્રેતા-રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, કિંમત : રૂા. ૪૦૦/-

● **સ્વાતંત્ર્ય સેનાની શ્રી નારણભાઈ માધવભાઈ રાઠોડ (જીવન-કાર્ય અને મૂલ્યાંકન)**, સંપાદક- પ્રા. મણિલાલ રાનવેરિયા, ડૉ. ધીરુભાઈ મકવાણા, પ્રકાશક-શ્રી મા દયાવંશી શિક્ષણ પ્રચારક સંઘ, મુંબઈ સંચાલિત ડૉ. પી.જી. સોલંકી ઈન્સ્ટિટ્યૂટ ઑફ રિસર્ચ એન્ડ પબ્લિકેશન, ૧૩૯, કૈલાસપુરી, અપર ગોવિંદ નગર, મલાડ પૂર્વ, મુંબઈ-૪૦૦૦૯૭, કિંમત રૂા. ૧૫૦/-

● **સ્વ સાથેનો સંઘર્ષ( બહુવિધ ક્ષેત્રે અપનાવેલી કાર્યશૈલીઓ દ્વારા મહેન્દ્ર દેસાઈના વ્યક્તિત્વનો પરિચય)**, લેખન-સંપાદન-બીરેન કોઠારી, પ્રકાશક – ધ આઈડેન્ટિટી પીપલ, વડોદરા, પ્રાપ્તિસ્થાન- બુક શેલ્ફ, ૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, કિંમત-રૂ. ૨૫૦/-

**દલિત અધિકાર** પાક્ષિક

**માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા**
**૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,**
**પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧**
**ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫**
**મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,**
**૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.**